ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૦
અંક : ૧

## ગ્રામ સંગઠન પારિતોષિક – ૨૦૦૭

આ પારીતોષિકની શરૂઆત ગ્રામ સંગઠનોએ કરેલ ઉમદા કામોની કદર કરવા અને તેના ઉદાહરણોમાંથી અન્ય ગામલોકો/સંગઠનો પ્રેરણા લે તે હેતુથી વર્ષ ૨૦૦૫ માં કરવામા આવી. આ યોજનાનું સંચાલન ડેવેલપમેન્ટ સપોર્ટ સેન્ટર, અમદાવાદ દ્વારા કરવામા આવે છે. જેતે વિજેતા ગ્રામ સંગઠનને પારિતોષિક પેટે ટ્રોફી, પ્રશસ્તિ પત્ર અને રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

**ગ્રામ સંગઠન પારિતોષિકના નામાંકન માટેના ક્ષેત્રો નીચે મુજબ છે.**

૧) જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ (વોટરશેડ)
૨) સહભાગી વન વ્યવસ્થાપન
૩) સહભાગી જળ વ્યવસ્થાપન
૪) સામુહિક સંશાધન વ્યવસ્થાપન

ગ્રામ સંગઠન પારિતોષિક માટે સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો અને અન્ય સ્ત્રોત દ્વારા નામાંકન મંગાવવામા આવે છે. સમિતિને પ્રાપ્ત નામાંકનમાંથી નિયત માપદંડોને આધારે એક ટુંકી યાદી તૈયાર કરવામાં આવે છે અને ત્યારબાદ ગ્રામ સંગઠનના અનુભવી પ્રતિનિધિ દ્વારા સંયુકત રીતે સ્થળ મુલાકાત અને પરામર્શ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. આ એસેસમેન્ટના આધારે ગ્રામ વિકાસ પારિતોષિક પસંદગી સમિતિ દ્વારા પારિતોષિક મેળવનાર સંગઠનોની આખરી પસંદગી કરવામાં આવે છે. આ પારીતોષિકો 'ગ્રામ વિકાસ પારિતોષિક પ્રદાન કાર્યક્રમ' સમારંભ દરમ્યાન એનાયત કરવામાં આવે છે. ગ્રામ સંગઠન પારિતોષિક–૨૦૦૭ માટે **શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર પ્રેરીત "જળ સ્ત્રાવ વિસ્તાર વિકાસ મંડળ–લાસા"** ની પસંદગી કરવામાં આવી છે. તા.૧૦/૦૨/૦૮ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ડો.વાય.કે.અલઘ(અધ્યક્ષ, ઈરમા અને ભૂતપૂર્વ આયોજન મંત્રી, ભારત સરકાર)ની હાજરીમાં મંડળનાં પ્રમુખ–મંત્રીશ્રીને એનાયત કરવામાં આવશે.

**જાન્યુઆરી ૨૦૦૮ અંક સહયોગ**
રૂક્ષ્મણીબહેન શામજીભાઈ ચાગલાણી
સ્મારક નિધી,
બાળ કેળવણી મંદિર,
પોલિસ સ્ટેશન પાસે,બગસરા.

*દયાના સુર્યપ્રકાશમાં સદગુણોનો વિકાસ થાય છે.*

## ભરણપોષણ

ભરણપોષણ એટલે શુ?

જે વ્યકિતઓ પોતાનું જીવન નિર્વાહ જાતે કરી શકતા નથી તેઓ કુટુંબની જવાબદાર વ્યકિત પાસેથી ભારતીય ફોજદારી કાયદા મુજબ જીવન નિર્વાહ માટે રોકડ રકમ મેળવી શકે છે. આ રકમને ભરણપોષણ કહેવાય છે.

ભરણપોષણ માંગવાનો અધિકાર કોને છે?

–ખુદનુ ભરણપોષણ ન કરી શકનાર પત્નિ કે જેને પતિએ ઘરમાંથી કાઢી મુકી હોય

–એવી સ્ત્રી કે જેના છુટાછેડા થઈ ગયેલ હોય અને બીજા લગ્ન ન કર્યા હોય

–માતાપિતા પોતાની પુત્રી પાસે ભરણપોષણ માંગી શકે છે.

–માતા પિતા સાવકા પુત્ર પાસે ભરણપોષણ માંગી શકે છે.

–ખુદનું ભરણપોષણ ન કરી શકનાર પરણિત કે અપરણિત સંતાન.

પત્નિને કયારે ભરણપોષણ ન મળી શકે

–પત્નિ પોતાનું ગુજરાન ચલાવી શકે તેટલું કમાતી હોય

–પતિ–પત્નિ પરસ્પર સમજુતીથી અલગ રહેતા હોય

પત્નિના ભરણપોષણ માટેની પતિની જવાબદારી

શારીરીક અને માનસિક રીતે સ્વસ્થ હોય તેવો પતિ પોતાની પત્નિ અને બાળકોના ભરણપોષણ માટે જવાબદાર છે.

ભરણપોષણ માટે કઈ કોર્ટમાં અરજી કરી શકાય (કલમ ૧૨૬)

–પતિના કે માતા–પિતાના કે પુત્ર–પુત્રીના વર્તમાન નિવાસસ્થાનનો જિલ્લો

–અરજદારના નિવાસ સ્થાનનો જિલ્લો

–પક્ષકારો જયાં છેલ્લે સાથે રહયા હોય તે જિલ્લો

વચગાળનું ભરણપોષણ

ભરણપોષણની અરજીની કાર્યવાહી ચાલે અને તેની સુનાવણી થાય તેમાં સમય વીતી જાય છે. આ દરમિયાન અરજદાર સામાવાળા પાસેથી વચગાળાનું ભરણપોષણ માંગી શકે છે.

ભરણપોષણની ચુકવણી (કલમ ૧૨૫ના હુકમનુ અમલીકરણ)

–મેજીસ્ટ્રેટે કરેલા હુકમ મુજબની રકમ દરમહિને આપવાની હોય છે.

–ભરણપોષણની રકમ જયાં સુધી કોર્ટનો હુકમ રદ ન થાય ત્યાં સુધી ચુકવવાની હોય છે.

–કોર્ટ નકકી કરે તે પ્રમાણે ભરણપોષણની રકમ આપવાની હોય છે.

(સંસ્થાના પ્રતિનીધીએ પેરાલીગલની તાલીમમાં મેળવેલ માહિતીનો સારાંશ)

***અભિમાન અપમાન નોતરે છે. અને નમ્રતા માનવતાનો પર્યાય છે.***

## સંસ્થા સમાચાર

### એન.એસ.એસ. કેમ્પ તાતણીયા

તા.૧૧/૦૧/૦૮ના રોજ કે.કે.પારેખ કોમર્સ કોલેજ આયોજીત એન.એસ.એસ. કેમ્પમાં નારદીપુરથી કેન્દ્ર નિવાસ માટે આવેલ બહેનોએ સ્ત્રી હિંસા તથા જેન્ડર સમાનતા પર નાટક રજુ કર્યુ હતું. સંસ્થાના પ્રમુખશ્રી તથા શ્રી બિપીનભાઈ જોષીએ સ્ત્રી હિંસા તથા એચ.આઈ.વી. એઈડસ પર બહેનો તથા ગામલોકોને માહિતી આપી હતી.

### કટોકટીમાં જરૂરીયાતોનું આકલન

તા. ૨૨ થી ૨૫ જાન્યુઆરીના રોજ કટોકટીમાં જરૂરીયાતોનું આકલન પર રેડ આર ઈન્ડિયા દ્વારા તાલીમ થઈ. જેમા સંસ્થાના બે કાર્યકરો સહભાગી થયા હતા અને પુર, ભૂકંપ જેવા કુદરતી તેમજ અન્ય માનવસર્જીત આપદામાં પીડીતોની જરૂરીયાતોનું આકલન કરી તેમને ત્વરીત સહાય કઈ રીતે પહોંચાડી શકાય તે અંગેની માહીતી મેળવી હતી.

### પાણી અને સ્વચ્છતાના સ્વાવલંબનની લોક હિમાયત અભિયાન

આ અભિયાન માટે તા.૧૨/૦૧/૦૮ના રોજ પ્રવાહ સાથે જોડાયેલ સંસ્થાઓ કાર્યકર્તાઓની એકદિવસીય તાલીમનું આયોજન થયું હતું. અમરેલી જીલ્લાના ત્રણ તાલુકાના ૧૧ ગામોમા આ અભિયાન કરવાની જવાબદારી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ સ્વિકારેલ છે.

### કાર્યક્રમ મુલ્યાંકન

સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્કના મુલ્યાંકન માટે શ્રી રવી જીણાએ સંસ્થાના કાર્યકરો, યુવા જુથના સભ્યો, પેરાલીગલ વર્કર તથા ન્યાય સમિતીના બહેનોની મુલાકાત લીધી હતી.

### પેપર રીસાયકલ તાલીમ

વિધાર્થીઓ જાતે કાગળને ફરી બનાવવાની પધ્ધતીની માહિતી મેળવી શકે તે હેતુથી પેપર રીસાયકલ તાલીમનું આયોજન તા. ૩૦–૩૧ દરમ્યાન કરવામા આવેલ છે. આ તાલીમમાં બંસીધર તથા લીલાવંતી શાળા જોડાઈ છે.






**શાણો માણસ ભીતરથી કદી એકલો હોતો નથી.**

## આવો જાણીએ એઈડસને

એઈડસ એટલે શુ?

એ = એકવાયર્ડઃ આનુવાંશિક સ્વરૂપે નહી પરંતુ અન્ય કોઈ પાસેથી મેળવેલ.

ઈ= ઈમ્યુનઃ શરીરની રોગ પ્રતિરક્ષણ શકિત એટલે કે રોગોનો પ્રતિકાર કરવાની ક્ષમતા

ડ= ડેફિસિયન્સીઃ નબળાઈ, ઉણપ કે ખામી

સ= સિન્ડ્રોમઃ એક રોગ કે તેનું લક્ષણ નહિ પરંતુ એકથીવધુ રોગો કે રોગોનાં લક્ષણોનું સમુહ

આમ, કહી શકાય કે એઈડસ એટલે આનુવાંશિક સ્વરૂપે નહી પરંતુ અન્ય કોઈ વ્યકિત પાસેથી મેળવેલ શરીરની રોગ પ્રતિકારક શકિતની ઉણપના લીધે રોગોના લક્ષણોનો સમુહ.

એઈડઝ એચ.આઈ.વી. વિષાણુથી થાય છે. એચ.આઈ.વી. એટલે (એચ = હ્યુમન, આઈ= ઈમ્યુનો ડેફિસિયન્સી, વી = વાયરસ)રોગ "પ્રતિરક્ષણ ક્ષમતા" ને નુકશાન થવાથી એઈડસ થાય છે.

## એચ.આઈ.વી. શું છે

આ એક વિષાણુ છે જે ઘણોજ સુક્ષ્મ છે. માનવ અને અન્ય પશુઓ તથા વનસ્પતિઓમા પણ ઘણા રોગ થવાનું કારણ બને છે. વિષાણુઓ સુક્ષ્માતિસુક્ષ્મ અને સાદામાં સાદા સજીવ છે. જેના પ્રકાર ઘણાજ છે તેમજ ઘણાજ રોગો પેદા કરે છે જેમકે ઓરી, લકવા, ગાલપચોરિયા, સામાન્ય શરદી અને ફલ્યુ.

આ વિષાણુને કારણે રોગપ્રતિરક્ષણ તંત્રને નુકશાન થાય છે. વિષાણુ વાળની જાડાઈ કરતા હજારમાં ભાગ જેટલા સુક્ષ્મ હોય છે અને તે વીંટો વાળેલ શાહુડી અથવા સંપુર્ણ ખીલેલ સુર્યમુખી જેવા લાગે છે તે એક કેન્દ્ર સાથે જોડાયેલ અને ત્યાંથી વર્તુળાકારે બહાર જતા આરાવાળા પૈડા જેવા પણ લાગે છે.

વિષાણુઓ પોતાની મેળે વૃધ્ધિ કરી શકતા નથી. તે પશુ અથવા વનસ્પતિમાં આશ્રય લઈ તેના કોષોના મુળ દ્રવ્યનો ઉપયોગ કરીને સંખ્યામાં વૃધ્ધિ કરે છે. આ માટે તે જે માનવ કોષને ચેપ લગાડયો હોય છે તે કોષના મુળ પદાર્થને ચોંટી રહે છે. આથી એ કોષનો નાશ કર્યા સિવાય તેને દુર કરવાનું શરીર અથવા ઔષધોને માટે ઘણુ કઠિન છે. વિષાણુઓને નુકશાન કરતી કોઈપણ ચીજ વિષાણુઓએ ચેપ લગાવેલ કોષને પણ નુકશાન કરવા સંભવ છે. જેથી અત્યાર સુધી એચ.આઈ.વી. માટે ઉપચાર વિકસાવી શકાયો નથી. વિષાણુઓ દ્વારા રોગ–પ્રતિરક્ષણ તંત્રના વિનાશનો અર્થ એ છે કે, ચેપી સજીવો કોઈપણ પ્રતિકાર સિવાય શરીરમાં પ્રવેશીને વૃધ્ધિ પામી શકે અને વિવિધ રોગોના કારણ બની શકે.

***બીજામાં કંઈક સારૂ દેખાય ત્યારે ખુલ્લા દીલે સ્વીકારી અપનાવો.***

<u>માનવ શરીરમાં એચ.આઈ.વી. શું કરે છે.</u>

એચ.આઈ.વી. રોગ પ્રતિરક્ષણ તંત્રને નુકશાન કરે છે. શરીર, રોગ પ્રતિરક્ષણ તંત્ર દ્વારા ચેપ અને રોગથી પોતાનું રક્ષણ કરે છે. ભૌતિક અંતરાય તરીકે ત્વચા મદદ કરે છે અને આપણા લોહીમાંના શ્વેતકણો વિષાણુ અને જીવાણુ જેવા સંભવિત હાનિકારક સજીવો સામે રક્ષણ આપે છે. એચ.આઈ.વી. શ્વેત કણોને આકર્ષે છે. આ કણો ચેપની બાબતમાં શરીરના રોગ પ્રતિરક્ષણની પ્રતિક્રિયાને વિનિયમીત કરતા હોઈ, શરીરના રોગપ્રતિરક્ષણ તંત્રની કામગીરીમાં સૌથી વધુ મહત્વના છે.

એચ.આઈ.વી.નો ચેપ લાગ્યા પછી શરીર પોતાના રક્ષણના પ્રયાસરૂપે પ્રતિકારક ધટકો ઉત્પન્ન કરે છે. આ ધટકો વિષાણુને મારવા સક્ષમ હોતા નથી. આ ધટકો ઉત્પન્ન થાય તે પહેલા જ વિષાણુ શ્વેતકણોમાં પ્રવેશી કોશિકાઓના જનીન પદાર્થ સાથે ચોટી જાય છે અને ભવિષ્યમાં પોતાની સંખ્યામાં વૃધ્ધિ માટે સજજ થઈ જાય છે. એચ.આઈ.વી. નો ચેપ ધરાવનાર મોટાભાગના લોકોમાં લક્ષણો દેખાતા નથી અને મહિનાઓ સુધી તથા ઘણા કિસ્સામાં દસ વર્ષ સુધી પણ પ્રચ્છન્ન (કોઈપણ જાતના લક્ષણ વિના) રહે છે. આ લોકો સંપુર્ણપણે તંદુરસ્ત અને રોગના લક્ષણોથી મુકત રહેશે પરંતુ તેમના લોહીમાં વિષાણુ છે અને ભવિષ્યમાં ગમે ત્યારે એઈડસ થવાનું જોખમ ધરાવે છે. વ્યકિતને એક વખત એચ.આઈ.વી.નો ચેપ લાગે ત્યાર પછી જો કે તે બરાબર તંદુરસ્ત દેખાશે અને પોતાને એચ.આઈ.વી.નો ચેપ લાગ્યો છે તે જાણી શકાતુ નથી પણ તે બીજા લોકોને વિષાણુ પહોચાડી શકે છે.

કોઈપણ વ્યકિતના લોહીનું પરીક્ષણ સિવાય તેને એચ.આઈ.વી.નો ચેપ લાગ્યો છે કે કેમ તે જાણી શકાતું નથી. એચઆઈવીના ચેપવાળા કેટલાક લોકો એક અથવા વધારે ચિહ્નો અને લક્ષણો વિકસાવશે, જે એઈડસમાં પરિણમશે. આ લક્ષાણો અને ચિહ્નો ઘણી અન્ય માંદગીઓના કારણે છે એથી ગેરસમજ ઉભી કરી શકે એવા લક્ષણોમાં થાક લાગવો, વજન અતિશય ઘટી જવુ, છેલ્લા કેટલાંક અઠવાડિયાથી રાત્રે પરસેવો થવો અથવા તાવ આવવો, મહિના કરતા વધારે સમયથી સતત અતિસાર રહેવો વગેરેનો સમાવેશ થાય છે.

**એઈડસ ધરાવતા લોકોની સામાન્ય ફરિયાદ**

ગરદન અને બગલમાં થયેલ દુખાવારહિત સુજેલી ગ્રંથિઓ જે ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી રહે છે, મોં ગળુ પાકી જવુ (ફુક)ના ચેપથી મોમા સફેદ છારી બાઝવી (કેન્ડીડા), વિસર્પિક (ઝોસ્ટર) અછબડા અથવા જનનેંદ્રિયની વિસર્પિકા જેવા ચેપ વારંવાર તેમજ ક્ષય જોવા મળે છે.

***ધનવાન થવુ તેના કરતા ખાનદાન થવુ વધારે સારૂ.***

## બાળ અધિકાર અને બાળકી

હાલમાં આપણે સ્ત્રી સાક્ષરતા માટેની વાતો સાંભળતા હોઈએ છીએ, સાક્ષરતા એ બાળકનો અધિકાર છે, પરંતુ શુ બાળકીઓને આ અધિકારથી વંચીત રાખી શકાય ખરી? નીચેના મુદ્દાઓ બાળકીને તેના અધિકારથી દુર રાખતા હોઈ તેવુ સ્પષ્ટ થાય છે.

૫ થી ૯ વર્ષની બાળકીઓમાંથી ૨૮ % કરતા પણ વધુ નિરક્ષર છે જયારે ૧૦ થી ૧૪ વર્ષની બાળકીઓમાંથી ૪૩% બાળકીઓ નિરક્ષર છે.

૮૯% છોકરાઓની તુલનામાં માત્ર ૬૯% છોકરીઓજ ૧ થી ૫ ધોરણમાં દાખલ થઈ છે.

પ્રાથમીક શિક્ષણ પુરૂ કરતા પહેલાજ હજુ પણ ૧૯% છોકરીઓ ડ્રોપ આઉટ થઈ જાય છે.

માધ્યમીક શિક્ષણ પુરૂ કરતા સુધીમાં લગભગ ૬૬% છોકરીઓ ડ્રોપ આઉટ થઈ જાય છે.

### શાળા છોડી દેવા પાછળના કારણો:

છોકરીઓને તેમના ઘરની જવાબદારીઓ જેવી કે નાના ભાઈ– બહેનોને સાચવવા,

ઢોરને ચરાવવા માટે લઈ જવા,

ખેતરોમાં પુરૂષો/ સભ્યો માટે ભોજન લઈ જવુ,

રસોઈ બનાવવી,

પાણી ભરી લાવવુ,

બળતણ લઈ આવવુ વગેરે જેવી જવાબદારીઓ,

યૌવનનો પ્રારંભ થવાથી શારીરીક છેડછાડ,

દિકરી પરાયા ધનથી ઓળખાય છે. તેથી તેના શિક્ષણનું ખુબજ ઓછુ મુલ્ય આંકવામાં આવે છે.

<u>જો દિકરી શિક્ષિત હોય તો</u>

મહાત્માં ગાંધીજીએ યોગ્ય રીતેજ કહયું છે કે જો તમે દિકરીને સાક્ષર બનાવશો તો તમે એક કુટુંબને સાક્ષર બનાવ્યું છે કારણકે એક શિક્ષિત દિકરી માત્ર બાળકનીજ નહી પરંતુ પુરા કુટુંબની આરોગ્યની સંભાળ રાખી શકે છે તેમજ બાળકને યોગ્ય સમયે રસીકરણ અપાવી એક તંદુરસ્ત બાળક બનાવી શકે છે.

ઉપરોકત આંકડાઓ પરથી આપણે સ્પષ્ટ કહી શકીએ છીએ કે આજેપણ સમગ્ર ગુજરાતમાં બાળકીઓના શિક્ષણનું પ્રમાણ ઓછુ છે, આપણે એક જાગૃત નાગરીક તરીકે આપણી જવાબદારી સમજી છોકરીઓને તેમની ઘરની જવાબદારીઓમાંથી મુકત કરી તેમના વિકાસનો અધિકાર અપાવવો જોઈએ.

## સર્વિસ પ્રોવાઈડર

ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે અમલવારી ના હેતુથી જે તે વિસ્તારમા સ્ત્રી હિંસા ઉપર કાર્યરત સંગઠનોને સર્વિસ પ્રોવાઈડર તરીકે જરુરી સેવાઓ પુરી પાડવા માટે સંસ્થાઓને માન્યતા આપવાની કાર્યવાહી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામા આવી છે. આ સંગઠનો પોતાની કુશળતાના આધારે આ અધિનિયમની જોગવાઈઓ અનુરૂપ સેવાઓ પુરી પાડશે.

**પ્રકૃતિ, સમય અને ધીરજ આ ત્રણેય મહાન વૈદ્ય છે.**

**વામન પણ વિશાળ**

મધમીઠી છાંડી તળે બેઠેલ ગગજી કોળી આજે વિચારમાં લાગે છે. પાડોશના અને શેઢા પાડોશી એવા મગને તેને સાદ પાડયો. સાદ સાંભળી જાણે તપમાં બેઠેલ શંકર ભગવાન અચાનક કોઈ અજુગતો પ્રસંગ માનસ પટલ પર આવતા પૃથ્વીના પ્રાણીઓને બચાવવા જાગે તેમ ગગજીની તંદ્રા તુટી.

મગને પુછયું શું અલ્યા ગગજી ચંત્યા કરેસ. તારો મોલ તો ઓણસાલ કોઈને નથી તેવો હિલોળા લે છે ભલા માણસ આમ નિમાણું થઈને બેસવાનું. ઓણ તું રતિશેઠના દેવામાંથી બારોજ સમજ. ગગજીને જાણે એક વધુ ઝટકો લાગ્યો અને તે તેના અતીતમાં જઈ પડયો. ગગજી મુળે તળપદા નુખનો કોળી. થોડી ઘણી જમીન બાકી મજુરી કરી ગુજરાન ચલાવે. ઘરે ગુણીયલ નાર સવિતા અને હજારો પથ્થરને દેવ માંની પુજયા ત્યારે માનતા ફળી અને આ મજુર કુટુંબમાં એક રાજાની કુવંરી જેવી દિકરી અવતરેલ. નામ પાડયું લક્ષ્મી.

લક્ષ્મીના જન્મ પછી ગગજી અને સવિતા ખુબજ ખુશ હતા. સમાજે પાડેલ ભેદ થી તેવો અલીપ્તજ હતા. તેથીજ કહેતા દિકરી હોય કે દિકરો બંને સરખા. પછી દિકરીને શા માટે દિકરા જેવી કહેવી. અમારે મન તો આ જીવ એક માણસ છે. આવી નિર્મળ ભાવના વાળા પતિ–પત્નિ એ બાળકીને ભણાવી ખુબ ભણાવી. ગામ લોકોને આની ઈર્ષા થઈ અને કડવા વેણ બોલવા લાગ્યા. દિકરીને ફટવી છે. આપણી નાતમાં દિકરીને જાજુ ભણાવાય આતો મોટા શાહુકારના દિકરા. હવે ઠેકાણે પાડો કયાક મોઢું કાળુ કરશે પછી કયાયના નય રયો.

આવા તીરથી પણ આકરા વેણોએ ગગજી અને સવિતાનું મન ફેરવી દીધુ. બાજુના ગામમાંજ લક્ષ્મીની સગાઈ નકિક કરેલ. લક્ષ્મીનો થનાર પતિ અંગુઠા છાપ અને ધંધામાં બકરા ચરાવવાના. આ બધું જાણતા હોવા છતા ગગજી એ સમાજની બીકે દિકરીની સગાઈ નક્કિ કરી નાખીં. વેવાઈએ દહેજમાં ૨૦૦૦૦ રોકડા, દિકરીને કાન તથા ગળાના ઘરેણા અને ગાડા ભરીને કરિયાવર માંગેલ. લગ્નને થોડા મહિનાની વાર છે અને ગગજીને આ વાત યાદ આવે છે વળવી મગન તેને રતિશેઠનું દેવું યાદ કરાવે છે. તેથી તે ગંભીર બની જાય છે. છ મહિનાના વાણા વાઈ ગયા છે. ગગજી જયારે સમજુ ડોસી પાસેથી વાત સાંભળે છે કે લક્ષ્મી તેના સાસરવેલમાં દુઃખી છે ત્યારે ગગજી અને સવિતાની આંતરડી કકળી ઉઠે છે. અને દુઃખી દિકરીને આ દંપતિ એક દિ ઘરે તેડી લાવે છે. ગામ કે સમાજની પરવા કર્યા વગર દિકરી ને આગળ ભણાવે છે. દિકરી પણ ખુબ ભણીને સસરાના ગામમાં જ માસ્તરની નોકરી સ્વીકારે છે.

—ભરત વાળા

***મેઘધનુષ જોઈતુ હોય તો વરસાદને સ્વીકારવો પડે.***

સ્નેહીશ્રી, ધિરૂભાઈ
કુશળ હશો
"ટપક"નો જાન્યુઆરીનો અંક જામનગર થી અત્રે મળ્યો. આપ કપરી સ્થિતિમાં પણ ટપક ના પ્રકાશનને ટકાવી શકયા છો તે આનંદ અને આશ્ચર્યકારી છે. મુ. ચુનિકાકાએ એકવાર મને કહેલુ કે જેને આપણે વ્યકતીગત રીતે જાણતા હોઈએ અથવા જે લવાજમ ભરી વાચવાની ખેવના બતાવે તેમનેજ છાપુ પહોચાડવું. "ટપક"ના સંબંધે પણ આ પ્રકારે વ્યવહાર ગોઠવવો યોગ્ય હોય તો વિચારશો.
"ટપક" સાથે જોડાયેલ મિત્રોને સ્નેહ યાદ
–નાનક ભટ્ટ
રીલાયન્સ રૂરલ ડેવેલોપમેન્ટ ટ્રસ્ટ અમદાવાદ

સ્નેહીશ્રી ધીરેનભાઈ
"ટપક" નિયમિત મને મળે છે. ચોમાસા દરમ્યાન વરસાદ ટપકવામાં મોડો–વહેલો થાય. કદાચ ન પણ ટપકે/પડે પરંતુ કોઈજાતના વાદળ વિના તમારુ/આપણું ટપક નિયમિત રીતે ટપકે છે, તેનો આનંદ છે. પર્યાવરણ, પ્રદુષણ અંગેના વિવિધતા સભર લેખો તથા સંસ્થા સમાચાર, એઈડઝ અંગેની માહિતી ઘણી ઉપયોગી છે. કેટલાક લેખો અમારા વિધાર્થીઓ પાસે પણ સમુહ સંમેલનમાં વંચાવુ છુ.
લવાજમ મોકલવામાં વિલંબ થયો તે માટે ક્ષમા. આ સાથે લવાજમ રૂા. ૧૦૦ મોકલુ છુ.
–અમૃતભાઈ પટેલ (ગ્રામભારતી) અમરાપુર

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

SSKK
**ટપક કાર્યાલય :**
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,**
**૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,**
**ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.**
Tel/Fax : 02792-223525
E-mail : hard_ad1@sancharnet.in

***ટીકા કરવી સહેલી છે. કામ કરવુ અઘરૂ છે.***